પત્રક ભાગ-૨ તથા પત્રક ભાગ-૩
પ્રકાશિત કરવા બાબત.

# ગુજરાત વિધાનસભા સચિવાલય

**પરિપત્ર ક્રમાંક: સા/૩૩(બ)૩૪/૧૯૧૬**
**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**
**ગાંધીનગર-૩૮૨૦૧૦.**
**તા. ૧૭/૦૪/૨૦૨૫**

## પરિપત્ર:-

વિધાનસભા સચિવાલય દ્વારા સભાગૃહને લગતી સૂચનાઓ તેમજ માહિતી પત્રક ભાગ-૨ અને વિવિધ સમિતિઓની કામગીરી પત્રક ભાગ-૩ દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. આ સચિવાલય દ્વારા સભાગૃહની મોટાભાગની કામગીરી **NEVA** (નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન)ના માધ્યમથી થતી હોવાથી વિવિધ પત્રક ભાગ પણ **NEVA** પર ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવે તે ઈચ્છનીય અને આવશ્યક બને છે. આથી, આ સચિવાલયની શાખાઓએ પત્રક ભાગ-૨ અને પત્રક ભાગ-૩ની પ્રસિદ્ધિ સંબંધે નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાની રહેશે.

**(૧) પત્રક ભાગ-૨ પ્રસિધ્ધ કરવા સંબંધે ધ્યાને લેવાની બાબતો.**

**૧.૧** આ સચિવાલયની પત્રક ભાગ-૨ પ્રકાશિત કરનાર શાખાએ સામાન્ય શાખા પાસેથી પત્રક ભાગ-૨ માટેનો ફકરા ક્રમાંક મેળવી લેવાનો રહેશે અને ત્યારબાદ સંબંધિત શાખા દ્વારા જ પેરા (૩) પરના કોષ્ટક મુજબની સૂચનાઓને અનુસરી પત્રક ભાગ-૨નો ફકરો આઈ.ટી.શાખાને તેમના અધિકૃત **Email-id: evidhangls@gujarat.gov.in** પર મોકલી આપવાનો રહેશે.

**૧.૨** પત્રક ભાગ-૨નો ફકરો **NEVA** પર અપલોડ કરવો કે કેમ તથા ક્યારે કરવો તેનો નિર્ણય સંબંધિત શાખાઓએ લેવાનો રહેશે તેમજ વિધાનસભા ભવનમાં સ્થિત કાર્યાલયોમાં વહેંચણી કરવાની જવાબદારી સંબંધિત શાખાઓ અને તેમના ઉપરી અધિકારીઓના વિવેકાધિન રહેશે.

**૧.૩** પત્રક ભાગ-૨ના બાઉન્ડ વોલ્યુમ રેકર્ડ માટે સંબંધિત શાખાએ પ્રકાશિત કરીને છપાવેલ પત્રક ભાગ-૨ની **પાંચ(૫)** નકલો સામાન્ય શાખાને મોકલી આપવાની રહેશે.

**(૨) પત્રક ભાગ-૩ પ્રસિધ્ધ કરવા સંબંધે ધ્યાને લેવાની બાબતો.**

**૨.૧** સર્વે શાખાઓએ પેરા (૩) પરના કોષ્ટક મુજબની સૂચનાઓ અનુસરી પત્રક ભાગ-૩ના ફકરાનો મુસદ્દો 'Editable Microsoft Word Format'માં સામાન્ય શાખાના અધિકૃત **Email-id: general-assembly@gujarat.gov.in** પર મોકલી આપવાનો રહેશે.

**૨.૨** સામાન્ય શાખા દ્વારા પત્રક ભાગ-૩ના ફકરાને જરૂરી ક્રમાંક આપીને આખરી સ્વરૂપ આપ્યા બાદ પ્રકાશિત કરી સંબંધિત શાખાને રેકર્ડ માટે **બે (૨)** નકલ હાર્ડકોપીમાં પૂરી પાડવામાં આવશે.

Shree_Guj_Otf_0768-22(Bold)

# પત્રક ભાગ-૨

# પંદરમી ગુજરાત વિધાનસભા

Shree_Guj_Otf_0768-24(Bold)

## ગુરુવાર, તારીખઃ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૫

Shree_Guj_Otf_0768-18(Bold)

## ૧૬૩. રાજ્યપાલશ્રીનું સંબોધન

Shree_Guj_Otf_0768-16 (Bold Title & other info Plain)

**(૧) સંબોધન માટેનો કાર્યક્રમ**

(ક) ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૭૬(૧) અન્વયે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, બુધવાર, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ગાંધીનગરમાં આવેલ વિધાનસભાગૃહમાં ગુજરાત વિધાનસભાને સંબોધન કરશે.

(ખ) રાજ્યપાલશ્રી વિધાનસભાના મકાનમાં પૂર્વ બાજુના પ્રવેશદ્વારથી સવારના ૧૧-૫૮ વાગ્યે ભોંયતળિયે આવી પહોંચશે અને અધ્યક્ષશ્રી સાથે લીફ્ટ દ્વારા બીજા માળે પહોંચી ત્યાંથી તેઓ, અધ્યક્ષશ્રી, વિધાનસભાના સચિવશ્રી તથા તેમના સચિવશ્રી સાથે ગૃહના પૂર્વ તરફના મુખ્ય દ્વારેથી સભાગૃહમાં પ્રવેશ કરશે.

(ગ) રાજ્યપાલશ્રી સભાગૃહમાં પ્રવેશ કરે તે પહેલાં પાંચ મિનિટે એટલે કે ૧૧-૫૫ વાગ્યે દરેક સભ્યશ્રીને પોતાની બેઠક લેવા વિનંતી છે.

(ઘ) રાજ્યપાલશ્રીના સંબોધન દરમિયાન કોઈ સભ્યશ્રી પોતાની બેઠક છોડે નહીં તેવી વિનંતી છે. રાજ્યપાલશ્રી સંબોધન પૂરું કરીને સભાગૃહમાંથી વિદાય લે ત્યારપછી જ સભ્યશ્રીઓ સભાગૃહ છોડે તેવી વિનંતી છે.

(ચ) રાજ્યપાલશ્રીએ સભાગૃહમાંથી વિદાય લીધા પછી પંદર મિનિટનો વિરામ રહેશે અને ત્યારબાદ સભાગૃહની બેઠક મળશે.

Shree_Guj_Otf_0768-18(Bold)

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા,**
**ઈન્ચાર્જ સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**